રૂના ઢગલામાં સળગતી ટુક્કલ પડતા ૧૪ લાખનો કપાસ ખાખ

હિંમતનગર, તા. ૧૬

ઉતરાયણ પર્વ નિમિત્તે અનેક પતંગ રસિયાઓ રાત્રે ચાઈનીજ ટુક્કલ (સળગતી મીણબત્તીવાળો ગભારો) ઉડાડીને આનંદ માણે છે પણ જયારે તે ટુક્કલ સળગતું રૂ અથવા સૂકા ઘાસમાં પડે છે ત્યારે તેના કારણે અનેક ગણુ નુકશાન થાય છે. દરમિયાન ગુરૂવારે મોડી સાંજે હિંમતનગરના સહકારીજીનમાં આવેલ સી.સી.આઈ. ખરીદ કેન્દ્રના કેમ્પસમાં બેથી ત્રણ સળગતા ટુક્કલ પડતા અંદાજે રૂા.૧૪ લાખથી વધુનું નુકશાન થયુ છે. જે અંગે હિંમતનગર એ-ડીવીઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.આ અંગે સી.સી.આઈ. કેન્દ્રના મેનેજર શૈલેષભાઈ અમૃતભાઈ પટેલના જણાવ્યા અનુસાર ગુરૂવારે અંદાજે ૭-૩૦ વાગ્યાના સુમારે આકાશમાંથી ઉડતા ૪૦?? વધુ સળગતા ટુક્કલ સી.સી.આઈ. કેન્દ્રના -ંગણમાં પડયા હતા, જે પૈકી બે ટુક્કલ રૂના બે ઢગલામાં પડતાની સાથે જ રૂ સળગી ઉઠયુ હતું.ત્યારબાદ સી.સી.આઈ. કેન્દ્રમાં લગાવાયેલ ૫૦ હોર્સપાવરની મોટરથી પાણીનો મારો શરૂ કરાયો હતો. દરમિયાન વિકરાળ આગને કારણે તરત જ હિંમતનગર ફાયર બ્રિગેડને જાણ કરાતા ફાયર ઓફીસર -તાપસિંહ દેવડા ફાયર ફાઈટર અને ટીમ સાથે દોડી આવ્યા હતા અને એક કલાકની ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવી લેવાયો હતો. તેમ છતાં અંદાજે રૂા.૧૪ લાખનું નુકશાન થયાનો અંદાજ છે.

મોડાસા શહેરમાં તસ્કર ટોળકીનો આતંક ૪ સ્થળોએ ચોરી કરી પલાયન

મોડાસા, તા. ૧૬

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં ગઈકાલ રાત્રે લીયો પોલીસ ચોકીની પાછળ આવેલી બે દુકાનો અને મેઘરજ રોડ પર શિવમ સિનેમા નજીક આવેલા બે બંધ મકાનને નિશાન બનાવી ઘરફોડ ચોરી કરી પલાયન થઈ જતા મોડાસા શહેરમાં લોકો ચિંતીત બન્યા છે. મોડાસા ટાઉન પોલીસે તપાસ હાથ ધરી છે.

મોડાસા શહેરના લીયો બસ સ્ટેન્ડ પોલીસ ચોકીની પાછળ આવેલા સિનેમા નજીક આવેલી બે દુકાનોમાંથી લકી ફૂટ સેન્ટરની દુકાનમાં રાખેલી તીજોરીમાંથી તસ્કરોએ તીજોરી તોડી અંદરથી એક લાખ ૭૫ હજાર રોકડા તેમજ બાજુમાં આવેલી સહકાર સેલ્સમાંથી ૬૧૦૦ રૂપિયાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. લકી ફૂટ સેન્ટરમાં આવેલા સીસીટીવી કેમેરામાં ઘટના કંડેરાઈ ગઈ હતી. રાત્રે ૧.૩૦ વાગે બે બુકાનધારીઓએ આ ચોરીની ઘટનાને અંજામ આપવામાં આવ્યો હતો. જ્યારે બહાર લગાવેલ સીસીટીવી કેમેરાનો એક કેમેરો પણ સાથે લઈ ગયા હતા. જ્યારે દુકાનોના શટરના તાળા પાછળના ભાગેથી બીનવારસી મળી આવ્યા હતા.


(તસવીર : જય અમીન, મોડાસા)



જ્યારે મોડાસાના મેઘરજ રોડ પર શિવમ સિનેમાની સામે આવેલા બે બંધ મકાનના માલીક પતંગ દોરીનો ધંધો કર્યા બાદ ઘરમાં ૭૦,૦૦૦ રોકડા તથા ૭૦૦ ગ્રામ ચાંદી મુકીને અમદાવાદ સંબંધીની ખબર કાઠવા ગયા હતા ત્યારે રાજુભાઈ રજનીકાન્તભાઈ પટણીના ઘરમાંથી તીજોરી તોડી રોકડ રકમ સાથે ચાંદીના ઘરેણા લઈ ફરાર થઈ ગયા હતા. આ અંગેની જાણ મોડાસા પોલીસ ટાઉનમાં કરવામાં આવેલ છે. શિયાળાની ઠંડીમાં પોલીસ તથા હોમગાર્ડના જવાનો ઠરી જવાના બદલે રાત્રી દરમિયાન સઘન પેટ્રોલિંગ હાથ ધરે તે ખૂબ જ જરૂરી છે.

ગઢોડા પાસે કારે બળદગાડાને ટક્કર મારતા એકનું મોત

હિંમતનગર, તા. ૧૬

હિંમતનગર તાલુકાના ગઢોડા ગામની સીમમાં તલોદ માર્ગ પર ગુરૂવારની મોડી સાંજના બેફામ ગતિએ પસાર થતા કારચાલકે એક્કા બળદગાડાને ધડાકાભેર ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. ગંભીર અકસ્માતમાં ગાડાના ચાલક સાથે બળદનું ઘટના સ્થળ પર જ મોત થયુ હતું. જયારે કારચાલક અકસ્માત સર્જી ભાગી છુટતા ંતિજ તાલુકાના આમોદરા ગામના મૃતકના પુત્રએ કારચાલક વિરૂધ્ધ ગુરૂવારે હિંમતનગરના એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બનાવ અંગે તપાસ હાથ ધરી છે.હિંમતનગર-તલોદ માર્ગ પર ગુરૂવારની મોડી સાંજના થયેલા અકસ્માતની ઘટના અંગે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનના સૂત્રો દ્વારા -ાઝ વિગત અનુસાર -ંતિજ તાલુકાના આમોદરા ગામના રહીશ વેચાતભાઈ ચમાર પોતાના એક્કા બળદગાડા સાથે ગઢોડા ગામની સીમમાંથી પસાર થઈ રઝા હતા. તે દરમિયાન બેફામ ગતિએ પસાર થતી મારૂતીકાર નં.જીજે.૧. એચ.કે.૨૪૨૬ ના ચાલકે ધડાકાભેર બળદગાડાને ટક્કર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં વેચાતભાઈ ચમારને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટના સ્થળે જ મોત નિપજયુ હતું. જયારે બીજી બાજુ બળદને પણ કારની ટક્કરથી ગંભીર ઈજાઓ થતાં મોતને ભેટયો હતો. અકસ્માતની ઘટના બાદ કારચાલક ઘટના સ્થળેથી ભાગી છુટયો હતો.

દરમિયાનમાં અકસ્માતની ઘટનામાં મોતને ભેટેલા વેચાતભાઈ ચમારના પુત્ર જયંતિભાઈ ચમારે ઘટના અંગે ભાગી છુટેલા કારચાલક વિરૂધ્ધ ગુરૂવારે હિંમતનગરના એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દર્જ કરી ઘટનાની વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાંતિજમાં જાયન્ટ્સ ગ્રૂપના હોદ્દેદારોનો શપથવિધિ સમારોહ યોજાયો

પ્રાંતિજ, તા. ૧૬

પ્રાંતિજ ખાતે કાર્યરત જાયન્ટસ્ ગ્રૂપના વિવિધ ગ્રૂપ દ્વારા માનવસેવા સાથે સંકળાયેલા પ્રમુખોનો શપથવિધિ સમારંભ યોજાયો હતો.

પ્રાંતિજની વી.એસ. રાવલ પી.ટી.સી. કોલેજમાં જાયન્ટસ ઈન્ટર નેશનલ ફે-ડસીના કાઉન્સીલરો તથા જાયન્ટ્સ ગ્રૂપ પ્રાંતિજ, જા. ગ્રૂપ પ્રાંતિજ ગોલ્ડ, જા. ગ્રૂપ પ્રાંતિજ પ્લેટીનમ, જા. ગ્રૂપ પ્રાંતિજ સહેલી તથા જાયન્ટ્સ ગ્રૂપ ઓફ ઓરણ તથા નવા નિમાયેલા પ્રમુખો તથા હોદ્દેદારોને સમારંભના પ્રમુખ એન.કે. ડેરિયા, મહેન્દ્રસિંહ બારૈયા, રસિકભાઈ, વી.કે. પટેલ, વજેશભાઈ ભાવસાર તથા સમીરભાઈ શર્મા દ્વારા શપથ લેવડાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે પ્રાંતિજ તથા તાલુકામાંથી મોટી સંખ્યામાં જાયન્ટ્સ ગ્રૂપના સભ્યો જોડાયા હતા.

પ્રાંતિજ જાયન્ટ્સ ગ્રૂપ દ્વારા પક્ષી સારવાર કેમ્પ યોજાયો

પ્રાંતિજ જાયન્ટ્સ ગ્રૂપ અને પ્રાંતિજ પશુદવાખાનાના સંયુક્ત ઉપક્રમે પ્રાંતિજની ગાયત્રી હોસ્પિટલ ખાતે ઉત્તરાયણમાં ઘવાયેલા પક્ષીઓ માટે ત્રિદિવસીય પશુ-પક્ષી સારવાર કેમ્પ યોજાયો હતો. જેમાં ૩૫ થી વધારે પક્ષીઓની નિષ્ણાંત તબીબ દ્વારા સારવાર આપવામાં આવી હતી. પ્રાંતિજમાં સમાજસેવા અને અન્ય સામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ જાયન્ટ્સ ગ્રૂપ દ્વારા ઉત્તરાયણ પર્વે પતંગની દોરીથી ઘવાયેલા પક્ષીઓ માટે સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાલુકામાંથી વેટરનરી ડૉક્ટરો દ્વારા આખો દિવસ ખડેપગે તાત્કાલિક સેવાઓ આપી હતી અને અંદાજે ૩૫ થી વધારે પક્ષીઓને સારવાર આપી હતી. આ સેવાકીય કાર્યમાં ડૉ. એ.કે. ડેરિયા, સમીર શર્મા, વજેશ ભાવસાર, સંજયભાઈ પટેલ, રાજુભાઈ પટેલ, નયનભાઈ દેસાઈ વગેરે જોડાયા હતા અને તેમની આ સેવાનો પણ પક્ષીપ્રેમીઓએ બિરદાવી હતી. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

અરવલ્લી એલ.સી.બી. પોલીસે નાસ્તા ફરતા ચાર આરોપીઓ ઝડપી પાડયા

અરવલ્લી જિલ્લા એલ.સી.બી. પોલીસે જિલ્લાના વિવિધ ગુન્હાઓમાં નાસતા ફરતા ચાર જેટલા આરોપીઓને ઝડપી પાડયા હતા. અને તમામને જેલ હવાલે કર્યા હતાં. અરવલ્લી જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ જિલ્લા એલ.સી.બી. પી.આઈ. પી.કે. પટેલની ટીમે જિલ્લાના વિવિધ પોલીસ મથકમાં નોંધાયેલા ગુન્હાઓમાં નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા જેના છેલ્લા બે દિવસમાં ૪ આરોપીઓને ઝડપી પાડયા હતા. માલપુર પોલીસ મથકના દારૂનો નાસતો આરોપી ભેમાભાઈ મણાભાઈ ખરાડી અને નરસિંહભાઈ રામાભાઈ મસાર જયારે હિંમતનગર મહિલા પોલીસ મથકનો આરોપી અમરતભાઈ બાબુભાઈ સલાટ આંબલીયારા પોલીસ મથકનો આરોપી ઈશાકભાઈ મુલતાની રહે. મોડાસાની ધરપકડ કરી હતી અને તમામને જેલ હવાલે કર્યા હતાં.

અરવલ્લી જિલ્લામાં માર્ગ સલામતી સપ્તાહ યોજાયો

મોડાસા, તા. ૧૬

અરવલ્લી જિલ્લામાં અવારનવાર અકસ્માતોનો દોર ચાલુ જ રહેલો હતો અને જેમાં માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી અરવલ્લી જિલ્લાના એસ.પી. દ્વારા શરૂ કરવામાં આવી જેને કારણે માર્ગ પર ચાલતા વાહનો હાંકનારને જિલ્લા પોલીસે ગુલાબના ફૂલ આપી ઉજવણી કરી હતી.

મોડાસા, બાયડ, મેઘરજ, માલપુર અને ભિલોડા જેવા તાલુકાઓમાંથી હાઈવે ઉપરથી સાધનો પસાર થાય છે. આ સાધનો નાબાલિક બાળકો પણ ચલાવતા હોય છે કે જેને પાસે આરટીઓ માન્ય લાયસન્સ પણ હોતુ નથી. ગાડીના વીમા પણ પુરા થઈ ગયેલા હોય છે. અને સાધન હંકારનાર શીટ બેલ્ટ તથા હેલ્મેટ પહેર્યા વગર ટુ વ્હીલર અથવા ફોર વ્હીલર ચલાવતા તેવા વ્યક્તિઓને અરવલ્લીની એન.જી.ઓ. તથા પોલીસ ખાતા દ્વારા પેમ્પલેટ ચોકલેટ ગુલાબના ફૂલ અને ગાડી ઉપર સ્ટીકરો લગાવી સાધન હાંકનારાઓને પ્રેમની લાગણી દર્શાવીને સૂચનાઓ આપવામાં આવી હતી.

(તસવીર : સમીર બલોચ, જીતેન્દ્ર પટેલ, મોડાસા)

અરવલ્લી જિલ્લામાં લોકો ટ્રાફિકના નિયમોના જાણકારી રાખે તેના એક ભાગરૂપે જિલ્લા પોલીસ દ્વારા નવા નવા હથકંડાઓ અજમાવવામાં આવે છે. જેના ભાગરૂપે પોલીસે એનજીઓ સાથે મળીને ટ્રાફિક સપ્તાહનું કામ કર્યું હતું. અને મોડાસામાં ગુલાબના ફૂલ આપી ટ્રાફિકના નિયમોનું પાલન કરવાનું સૂચનાઓ અપાઈ હતી. પણ હવે જોવાનું એ રહે છે કે શેઠની શીખામણ જાપા સુધી રહે છે ક્યાં સુધી રહે છે.

અંબાજીમાં શૈક્ષણિક અને વહીવટી અધિવેશન યોજાયું

પાલનપુર, તા. ૧૬

-સિધ્ધ યાત્રાધામ અંબાજી મુકામે શિક્ષણ અને અન્ન નાગરિક પુરવઠા વિભાગના મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષસ્થાને ગુજરાત રાજય આચાર્ય સંઘનું ૪૫મું શૈક્ષણિક અને વહીવટી અધિવેશન યોજાયું છે. આ -સંગે ઉદઘાટન સમારોહના અધ્યક્ષસ્થાનેથી -ાસંગીક -વચન કરતા મંત્રી શ્રી ચુડાસમાએ જણાવ્યું હતુ કે ગુજરાત આજે તમામ ક્ષેત્રોમાં -ગતિના સોપાનો સર કરીને સમગ્ર દેશ અને દુનિયામાં સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. તેમણે કઝ્રુ કે રાજય સરકાર ધ્વારા શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રને વિશેષ -ાધાન્ય આપીને અભિયાન સ્વરૂપ કામગીરી કરવામાં આવે છે. મંત્રીશ્રીએ જણાવ્યું કે આજે જયારે વૈશ્વિક સ્તરે સ્પર્ધા થાય છે ત્યારે વિધાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવું બહુ જરૂરી હોવાથી આચાર્યશ્રીઓ અને શિક્ષકમિત્રો કાળજીપૂર્વક ભૂમિકા અદા કરે. મંત્રીશ્રીએ કઝ્રુ કે વ્યક્તિ ઘડતર અને ચારિત્ર્ય નિર્માણની જવાબદારી આચાર્યશ્રીઓ અને શિક્ષકમિત્રો શ્રેષ્ઠ યોગદાન વડે નિભાવે. તેમણે કઝ્રુ કે સમાજે અને સરકારશ્રીએ આપણા ઉપર જવબાદારી મુકી છે ત્યારે આપણી કયારેય ફરિયાદ ન આવે તેવો મક્કમ નિર્ધાર કરીને આદર્શ અને સમૃધ્ધ સમાજનું નિર્માણ કરીએ.

મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યુ કે રાજય સરકારશ્રીના શાળા -વેશોત્સવ, કન્યા કેળવણી મહોત્સવ અને ગુણોત્સવ સહિતના વિવિધ અભિયાનોને લીધે રાજયમાં શિક્ષણક્ષેત્રે આમૂલ પરિવર્તન આવ્યુ છે. તેમણે કઝ્રુ કે હવે ૧૦૦ ટકા નામાંકન શકય બન્યુ છે અને વિધાર્થીઓ ગુણવત્તાયુક્ત સરસ શિક્ષણ મેળવીને ઉજ્જવળ કારકિર્દીનું નિર્માણ કરી રઝ્રા છે. તેમણે કઝ્રુ કે શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે -ાથમિક કક્ષાએ પણ એમ.એ.બી.એડ અને એમ.એસ.સી. બી.એડ જેવા ઉચ્ચ મેરીટ ધરાવતા શિક્ષકોની ભરતી કરવામાં આવે છે. આચાર્યના વાણી વર્તન અને વ્યવહારનો -ભાવ શિક્ષકો અને વિધાર્થીઓ ઉપર પડે છે એમ કહેતા મંત્રીશ્રીએ જણાવ્યુ આચાર્યશ્રીઓને જણાવ્યું કે મજબુત અને મક્કમ મનોબળ ધરાવતા ઉજ્જવળ નાગરિકો તૈયાર કરવાની જવાબદારી સારી રીતે નિભાવીએ. શિક્ષણથી જ મુશ્કેલીઓનું નિવારણ થાય છે અને સુખ સમૃધ્ધિ આવે છે ત્યારે શિક્ષિત અને સંસ્કારી યુવા પેઢી વડે શક્તિશાળી અને સમૃધ્ધ રાષ્ટ્રનું નિર્માણ કરવા આચાર્યશ્રીઓ અને શિક્ષકોને અનુરોધ કર્યો હતો. મંત્રીશ્રીએ કઝ્રુ કે કુપોષણ નિવારવા, સર્વત્ર સ્વચ્છતા જાળવવા અને શૌચાલયો બનાવવા રાજય સરકારશ્રી ધ્વારા વ્યાપક -યાસો હાથ ધરવામાં આવ્યા છે.

આ -સંગે મંત્રીશ્રીના વરદહસ્તે સંભારણું ગ્રંથનું વિમોચન કરવામાં આવ્યું હતુ. જાણીતા શિક્ષણવિદ્ ડૉ. ભદ્રાયુ વચ્છરાજાનીએ સુંદર વ્યકતવ્ય રજુ કર્યુ હતુ. ગુજરાત રાજય આચાર્ય સંઘના -મુખ -વિણસિંહ સોલંકીએ કર્યુ હતુ. મહંત શાસ્ત્રીશ્રી સ્વામી હરીઓમ -કાશદાસજી, તાલુકા પંચાયતના -મુખ એલ. કે. બારડ, સંઘના અગ્રણીઓ સર્વ જે. પી. પટેલ, રમેશભાઈ પટેલ, હસમુખભાઈ પટેલ, જે.એમ.માંગરોલીયા આચાર્ય સંઘના હોદ્દેદારો અને આચાર્યશ્રીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રઝ્રા હતાં.

હિંમતનગર તાલુકા પંચાયતની સામાન્ય સભામાં નવી કારોબારી સમિતિની રચના

હિંમતનગર, તા. ૧૬

હિંમતનગર તાલુકા પંચાયતના સભાગૃહમાં શુકવારે સમાન્ય સભા મળી હતી. જેમાં નવીન કારોબારી સમિતિની રચનાની જાહેરાત કરવામાં આવી હતી. કોંગ્રેસ તથા શાસક ભાજપ પક્ષના સભ્યોએ વર્ષ ૨૦૧૪-૧૫??? મંજુર થયેલા કામો ઝડપથી પૂર્ણ થાય તેવુ આયોજન કરવા તાલુકા વિકાસ અધિકારી સમક્ષ રજુઆત કરી હતી.આ અંગે વધુ માહિતી આપતા તાલુકા વિકાસ અધિકારી જી.ડી.-જાપતિએ જણાવ્યુ હતું કે તાલુકા પંચાયતના સભાગૃહમાં -મુખ ચેતનાબેન પટેલની અધ્યક્ષતામાં મળેલી સમાન્ય સભામાં નવીન કારોબારી સમિતિની રચના કરવામાં આવી હતી. આ ઉપરાંત વિવિધ ગ્રાન્ટોમાંથી તાલુકા પંચાયતના ચૂંટાયેલા સદસ્યોના વિસ્તારોમાં કેવા વિકાસ કામો કરવામાં આવી રઝ્રા છે તેની માહિતી આપવામાં આવી હતી.

હિંમતનગર તાલુકા પંચાયતની સામાન્ય સભાની શરૂઆત પહેલા નવા સરકીટ હાઉસ ખાતે હિંમતનગર તાલુકા ભાજપ -મુખ દિલીપસિંહ રહેવર, મહામંત્રી જયંતિભાઈ પટેલની ઉપસ્થિતિમાં સંકલન સમિતિની બેઠક મળી હતી. જેમાં સદસ્યોને પોતાના મત વિસ્તારમાં રહેતા તમામ નાગરિકોને સરકારી સુવિધાનો લાભ મળે તે જોવા તાકીદ કરી હતી. તાલુકા પંચાયતની સામાન્ય સભામાં ભાજપ તથા કોંગ્રેસ પક્ષના સદસ્યોએ વિસ્તારમાં ચાલી રહેલા વિકાસ કામો ઝડપથી પૂર્ણ કરવા રજુઆત કરી હતી. તાલુકા પંચાયતની સામાન્ય સભામાં એકાઉન્ટીગ અધિકારી મહેશભાઈ પટેલ સહિત અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રઝ્રા હતા.

હાલ સમગ્ર રાજ્યમાં ટ્રાફિક પોલીસ ટ્રાફિક નિયમન માટે માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી કરી છે ત્યારે આ તમામ માર્ગસલામતી સપ્તાહની ધજ્જીયા ઉડાડી દરરોજ ખેડબ્રહ્માથી લક્ષ્મીપુરા માર્ગ પર ટ્રકો અને ડમ્પરો ઓવરલોડ સામાન ભરી બેફામગતિએ દોડી રહ્યા છે. પરિણામે દરરોજ અકસ્માતની સંખ્યામાં વધારો નોંધાય છે. ત્યારે સ્થાનિકોમાં પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે અને વાઈબ્રન્ટ ગતિએ દોડતી બેફામ ટ્રકોની સામે કડક કાર્યવાહી થાય તેવી માંગ કરી રહી છે.

(તસવીર : વિઠ્ઠલ સુથાર, લક્ષ્મીપુરા)

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, ફુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦